Seat No. : _______________

# AL-129

**April-2022**

**B.A., Sem.-VI**

**CC-315/A : Gujarati**

**(ખરા બપોર – જયંત ખત્રી)**

**Time : 2 Hours]** **[Max. Marks : 50**

**વિભાગ – 1**

કોઈપણ ત્રણ પ્રશ્નોના જવાબ આપો : **14 × 3 = 42**

1. ટૂંકીવાર્તા સાહિત્ય સ્વરૂપના લક્ષણોનો પરિચય કરાવો.

2. ગુજરાતી સાહિત્યમાં ટૂંકીવાર્તાનો વિકાસક્રમ આલેખો.

3. જયંત ખત્રીના 'ખરા બપોર' વાર્તા સંગ્રહની પાત્રસૃષ્ટિ વિશે નોંધ લખો.

4. 'ખરા બપોર' વાર્તા સંગ્રહને આધારે જયંત ખત્રીની વાર્તાકાર તરીકેની વિશેષતા મર્યાદાઓનો પરિચય કરાવો.

5. નોંધ લખો :
   (1) 'ધાડ' વાર્તાનો આસ્વાદ
   (2) 'માટીનો ઘડો' વાર્તાનું કથાવસ્તુ

6. નોંધ લખો :
   (1) 'નાગ' વાર્તાની સમીક્ષા
   (2) 'ખરા બપોર' વાર્તાનું રસદર્શન

7. નોંધ લખો :
   (1) 'ઈશ્વર છે ?' – વાર્તામાં શીર્ષકની યથાર્થતા
   (2) 'જળ' વાર્તાની પાત્રસૃષ્ટિ

8. નોંધ લખો :
   (1) 'મુક્તિ' વાર્તાનો ધ્વનિ
   (2) 'ગોપો' વાર્તાની સમીક્ષા

**વિભાગ – 2 (ફરજિયાત)**

હેતુલક્ષી પ્રશ્નોનાં જવાબ આપો : (કોઈપણ આઠ) **8**

(1) 'ટૂંકીવાર્તા એટલે અનુભૂતિકણ' – આ વ્યાખ્યા કોણે આપી છે ?
   (a) પન્નાલાલ પટેલ (b) ઉમાશંકર જોશી (c) બ.ક. ઠાકોર (d) ઈશ્વર પેટલીકર

(2) રામનારાયણ પાઠકે કયા ઉપનામથી ટૂંકીવાર્તાની રચના કરી છે ?

(a) દ્વિરેફ (b) સ્વૈરવિહારી (c) શેષ (d) ઘનશ્યામ

(3) નીચેનામાંથી કઇ વાર્તા ઈશ્વર પેટલીકરની છે ?

(a) લોહીનું ટીપું (b) લોહીની સગાઇ (c) વાત્રકને કાંઠે (d) ખરી મા

(4) પ્રાણ જીવન અને ઘેલાની મિત્રતાની વાત કઇ વાર્તામાં કરવામાં આવી છે ?

(a) નાગ (b) સિબિલ (c) ધાડ (d) માટીનો ઘડો

(5) 'જળ' વાર્તાના કેન્દ્રમાં શું છે ?

(a) ગાય (b) કૂતરો (c) બગલો (d) સિંહ

(6) 'ડેડ એન્ડ' વાર્તાની નાયિકા નીલી કઇ ભાષા જાણતી હતી ?

(a) ગુજરાતી (b) ફ્રેન્ચ (c) હિન્દી (d) મરાઠી

(7) 'ખરા બપોર' વાર્તા સંગ્રહમાં કુલ કેટલી વાર્તાઓ છે ?

(a) 11 (b) 31 (c) 10 (d) 21

(8) નીચેનામાંથી કઇ વાર્તાના લેખક જયંત ખત્રી છે ?

(a) શ્રાવણી મેળો (b) સિબિલ (c) વાત્રકને કાંઠે (d) એકપણ નહિ

(9) પ્રૂફ રીડરમાં નીચેનામાંથી કઇ લાયકાત જરૂરી છે ?

(a) મેડિકલ અંગેનું જ્ઞાન (b) રમત ગમતનું જ્ઞાન

(c) ભાષા અંગેનું જ્ઞાન (d) એકપણ નહિ

(10) પ્રૂફ રીડિંગમાં અક્ષર અથવા શબ્દ વચ્ચેની જગ્યા કાઢી નાખી ભેગું કરવા માટે નીચેનામાંથી કઈ સંજ્ઞા વપરાય છે ?

(a) ⁀ (b) ( ) (c) # (d) એકપણ નહિ

(11) પ્રૂફ રીડિંગમાં ⌊ આ નિશાની શાના માટે વપરાય છે ?

(a) લખાણને જમણી તરફ ખસેડવા માટે (b) લખાણને ડાબી તરફ ખસેડવા માટે

(c) લખાણને ઉપરની તરફ લેવા માટે (d) એકપણ નહિ

(12) નીચેનામાંથી કયું પાત્ર 'માટીનો ઘડો' વાર્તાનું છે ?

(a) બીનલ (b) બીજલ (c) બીના (d) ટીના

(13) 'ઈશ્વરને શોધી કાઢીશું હિંમત ન હાર' – આ વાક્ય કોણ બોલે છે ?

(a) ગોવિંદભાઇ (b) ગાભાભાઇ (c) ગૌરાંગભાઇ (d) રામાભાઇ

(14) પ્રૂફ રીડિંગમાં # આ સંજ્ઞા શાના માટે પ્રચલિત છે ?

(a) અક્ષર ભેગા કરવા (b) અક્ષર છૂટા કરવા

(c) અક્ષર નીચે લેવા (d) એકપણ નહિ

(15) 'ખરા બપોર' વાર્તા સંગ્રહની પ્રથમ વાર્તાનું નામ જણાવો.

(a) મુક્તિ (b) નાગ (c) ગોપો (d) ધાડ

(16) નીચેનામાંથી કઇ વાર્તામાં પ્રણય ત્રિકોણનું નિરૂપણ જોવા મળે છે ?

(a) જળ (b) નાગ (c) ખલાસ (d) ધાડ

Seat No. : _______________

# AL-129

**April-2022**

**B.A., Sem.-VI**

**CC-315/B : Gujarati**

**('એવા રે અમે એવા' – વિનોદ ભટ્ટ)**

**Time : 2 Hours]** **[Max. Marks : 50**

## વિભાગ – 1

નીચેનામાંથી કોઈપણ ત્રણ પ્રશ્નોના જવાબ આપો : **42**

1. આત્મકથાની વ્યાખ્યા આપી, તેનાં લક્ષણોની વિસ્તૃત ચર્ચા કરો.
2. આત્મકથાનો ઉદ્ભવ અને વિકાસ વિગતે ચર્ચો.
3. આત્મકથા સાહિત્ય સ્વરૂપની વિભાવના સ્પષ્ટ કરી, તેનાં સ્વરૂપગત લક્ષણોનો પરિચય કરાવો.
4. ગુજરાતી આત્મકથા ક્ષેત્રે મુખ્ય-મુખ્ય સર્જકોએ કરેલા પ્રદાનની ટૂંકમાં ચર્ચા કરો.
5. 'એવા રે અમે એવા' ને કેન્દ્રમાં રાખી આત્મકથાકાર તરીકે વિનોદ ભટ્ટની સિદ્ધિઓ અને મર્યાદાઓ ચર્ચો.
6. આત્મકથાના કલા સ્વરૂપને ધ્યાનમાં રાખી 'એવા રે અમે એવા' નું સમગ્રલક્ષી મૂલ્યાંકન કરો.
7. ટૂંકનોંધ લખો : (બંને)
   (1) 'એવા રે અમે એવા'માં વર્ણનો
   (2) 'એવા રે અમે એવા'માં હાસ્યનું નિરૂપણ
8. ટૂંકનોંધ લખો : (બંને)
   (1) 'એવા રે અમે એવા' માં લેખકે દોરેલાં શબ્દચિત્રો
   (2) 'એવા રે અમે એવા' ની ભાષાશૈલી

## વિભાગ – 2 (ફરજિયાત)

યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો : (કોઈપણ આઠ) **8**

(1) 'એવા રે અમે એવા' ના લેખક કોણ છે ?

(a) તારક મહેતા (b) અશોક દવે

(c) રતિલાલ બોરીસાગર (d) વિનોદ ભટ્ટ

(2) 'એવા રે અમે એવા' નું સાહિત્ય સ્વરૂપ કયું છે ?

(a) જીવનચરિત્ર (b) આત્મકથા (c) નવલકથા (d) નિબંધ

(3) ગુજરાતીમાં પ્રથમ આત્મકથા કોણે લખી ?

(a) નર્મદ (b) નંદશંકર (c) ગાંધીજી (d) વિનોદ ભટ્ટ

(4) કનૈયાલાલ મુનશીની આત્મકથાનું નામ આપો.

(a) સત્યના પ્રયોગો (b) જીવન પંથ (c) કાર્ડિયોગ્રામ (d) અડધે રસ્તે

(5) પ્રૂફવાચન કરતી વખતે મુખ્યત્વે કઈ બાબતનો ખ્યાલ રાખવાનો હોય છે ?

(a) કથાવસ્તુનો (b) ભાવનો (c) જોડણીનો (d) લેખકનો

(6) 'એવા રે અમે એવા' નું પ્રથમ પ્રકરણ કયું છે ?

(a) હાસ્યલેખક વિ.ભ. ગંભીર (b) શેષ વિશેષ

(c) અને આ છેલ્લું પ્રકરણ (d) હું ઔદીચ્ય બ્રાહ્મણ

(7) ગાંધીજીની આત્મકથાનું નામ જણાવો.

(a) સત્યના પ્રયોગો (b) મારી હકીકત (c) સીધાં ચઢાણ (d) સ્મરણ યાત્રા

(8) વિનોદ ભટ્ટનો જન્મ ક્યાં થયો હતો ?

(a) ચાણોદ (b) નાંદોલ (c) રામોલ (d) અમદાવાદ

(9) 'એવા રે અમે એવા' નું છેલ્લું પ્રકરણ કયું છે ?

(a) હાસ્યલેખક વિ.ભ. ગંભીર (b) શેષ વિશેષ

(c) અને આ છેલ્લું પ્રકરણ (d) હું ઔદીચ્ય બ્રાહ્મણ

(10) 'અમે ત્રણ અમારાં ત્રણ' માં લેખક કોની વાત કરે છે ?

(a) ભાઈની (b) બાળકોની (c) પત્નીની (d) મિત્રોની

(11) વિનોદ ભટ્ટનાં માતાનું નામ આપો.

(a) રેવાબેન (b) જયાબેન (c) તારાગૌરીબેન (d) કેશરબેન

(12) 'એવા રે અમે એવા' માં કુલ કેટલાં પ્રકરણ છે ?

(a) 31 (b) 32 (c) 36 (d) 37

(13) વિનોદ ભટ્ટનાં પ્રથમ પત્નીનું નામ આપો.

(a) કૈલાસબેન (b) નલીનીબેન (c) સવિતાબેન (d) શાલીનીબેન

(14) વિનોદ ભટ્ટ કઈ ઓફિસમાં નોકરી કરતા હતા ?

(a) સેલ ટેક્ષ (b) કોર્પોરેશન (c) કોલેજ (d) માર્ગ મકાન

(15) વિનોદ ભટ્ટને કયો એવોર્ડ મળ્યો હતો ?

(a) ભારતરત્ન (b) નરસિંહ મહેતા (c) રણજિતરામ (d) જ્ઞાનપીઠ

(16) 'જીવનપંથ' આત્મકથાના લેખક કોણ છે ?

(a) ઉમાશંકર (b) સુન્દરમ (c) રા.વિ. પાઠક (d) ધૂમકેતુ

---